# નમૂનો : ૧ (તારાંકિત પ્રશ્નનું ફોલ્ડર)

**અગ્રતા ક્રમ :** **૧૮**

વિભાગ: **ઉદ્યોગ અને ખાણ વિભાગ / ચ શાખા**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : **૧૫/૪/૯૦૯**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ **: ૧૩.૦૨.૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર**

પ્રશ્નનું શીર્ષક :**કચ્છ જિલ્લાના એમ.એસ.એમ.ઈ એકમોને વ્યાજ સહાય**

પ્રશ્ન પૂછનાર માન.સભ્યશ્રી : **ત્રિકમ બિજલ છાંગા**

અને તેમનો મત વિસ્તાર **(અંજાર)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્ન | પાના નંબર |
|---|---|---|
| મૂળ પ્રશ્ન | કચ્છ જિલ્લાના એમ.એસ.એમ.ઇ. એકમોને વ્યાજ સહાય | |
| જવાબ | માન. મંત્રીશ્રી (ઉદ્યોગ) દ્વારા મંજૂર થયેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક નોંધ | |
| પ્રશ્ન ક્રમાંક | પૂરક પ્રશ્ન | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| ૧ | સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને માટેની વ્યાજ સહાય યોજના શું છે? | શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર) |
| ૨ | હાલમાં કચ્છ જિલ્લામાં કુલ કેટલા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો નોધાયેલ છે? વ્યાજ સહાય માટે અરજી કરવાની અને તેની મંજૂરીની પ્રક્રિયા શું છે? વ્યાજ સહાય યોજના માટેની જરૂરી શરતો કઈ? | શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર) |
| ૩ | ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩સુધીના સમયગાળામાં કચ્છ જિલ્લામાં વ્યાજ સહાયની તાલુકા પ્રમાણે કુલ કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી? | શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ) |
| ૪ | ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩સુધીના સમયગાળામાં કચ્છ જિલ્લામાં તાલુકા પ્રમાણે કેટલી વ્યાજ સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ) |
| ૫ | ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩દરમિયાન કચ્છ જિલ્લામાં તાલુકા દીઠ કેટલું નવુ મૂડી રોકાણ થયું? | શ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી) |
| ૬ | આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨ હેઠળ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટે કઈ કઈ યોજનાઓ જાહેર કરવામાં આવી છે? | શ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી) |
| ૭ | વ્યાજ સહાય માટે એકમે કઈ બેન્ક પાસેથી ટર્મલોન મેળવવાની રહે? | |
| ૮ | એકમ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પાસેથી સહાયપાત્ર થશે કે કેમ? | |

# કચ્છ જિલ્લાના એમ.એસ.એમ.ઇ. એકમોને વ્યાજ સહાય

૦૪/૫.વિ.

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/909

વિષય:

કચ્છ જિલ્લાના એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 11/01/2024 | તારીખ 07/02/2024 | 22/01/2024 |
| *15/4/909 | શ્રી ત્રિકમ બિજલ છાંગા(અંજાર) | |

લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નિતી-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ કચ્છ જિલ્લામાં માઈક્રો સ્મોલ એનૂડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચુકવવામાં આવી?

----

(મુખ્ય પેજ પર જાઓ)

# માન. મંત્રીશ્રી (ઉદ્યોગ) દ્વારા મંજૂર થયેલ જવાબ

**કચ્છ જિલ્લાના એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય**

*** 15/4/909: શ્રી ત્રિકમ બિજલ છાંગા (અંજાર): માનનીય લઘુ,સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ – ૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ કચ્છ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | મંજુર કરેલ કલેઇમ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૨૭૩ |

(૨)

| વર્ષ | ચુકવણું કરેલ એકમની કલેઇમ અરજીઓની સંખ્યા | સહાયની રકમ (રૂ લાખમાં) |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૨૭૩ | ૧૪૫૫.૯૫ |

---

જવાબ આપવાની તારીખ: તા.૧૩/૦૨/૨૦૨૪.

વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર–૦૮–૧૫/૪/૯૦૯/ચ
ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: 6 FEB 2024

પ્રતિ,
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ ગુજરાત વિધાનસભા સચિવાલયના તા.૨૨/૦૧/૨૦૨૪ના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:*૧૫/૪/૯૦૯ અનુસંધાને વધારાની ત્રણ નકલો સહિત.

ISSUED
Dt.: 6 FEB 2024
Sign.: Divya

O/C
૦૬/૨/૨૪.

(જે.બી.પટેલ)
સયુંકત સચિવ(ઉદ્યોગ)
ઉદ્યોગ અને ખાણ વિભાગ

**નકલ રવાના:-**

**(૧) જ શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**

**(૨) સિલેક્ટ ફાઈલ.**

(મુખ્ય પેજ પર જાઓ)

**પ્રશ્નનું મુખ્ય હાર્દ:**

પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી ત્રિકમ બિજલ છાંગા(અંજાર)

પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન કચ્છ જિલ્લામાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોને ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ આપવામાં આવતી વ્યાજ સહાય યોજના અંગેનો છે.

- એમ.એસ.એમ.ઇ. એકમો નવા ઉદ્યોગોને સ્થાપવા અથવા તેના વિસ્તૃતિકરણ માટે ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ એમ.એસ.એમ.ઇ. એકમોને બેંક ટર્મ લોનના વ્યાજ પર નીચે મુજબ વ્યાજ સહાય મળવાપાત્ર થાય છે.
- ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ તાલુકા કક્ષા પ્રમાણે નીચે મુજબ વ્યાજ સહાય મળવાપાત્ર છે.

| તાલુકા કેટેગરી | વ્યાજ સહાયનુ ધોરણ |
|---|---|
| કેટેગરી-૧ | ટર્મલોન ઉપર ૭% પ્રમાણે વ્યાજ સહાય મહત્તમ રૂ.૩૫/- લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં ૭ વર્ષ માટે |
| કેટેગરી-૨ | ટર્મલોન ઉપર ૬% પ્રમાણે વ્યાજ સહાય મહત્તમ રૂ.૩૦/- લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં ૬ વર્ષ માટે |
| કેટેગરી-૩ | ટર્મલોન ઉપર ૫ %પ્રમાણે વ્યાજ સહાય મહત્તમરૂ. ૨૫/- લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં ૫ વર્ષ માટે |

યોજનાનો ઉદ્દેશ્ય :

- વ્યાજ સહાય યોજનાથી એમ.એસ.એમ.ઈ. એકમોને બેંક પાસેથી લીધેલી ટર્મ લોનના વ્યાજના ભારણમાં ઘટાડો થાય છે અને નફા શક્તિમાં વધારો થાય છે. તેમજ એમ.એસ.એમ.ઇ. એકમો પ્રતિ સ્પર્ધામાં ટકી શકે છે અને ગ્લોબલી સક્ષમ બની શકે છે.
- વ્યાજ સહાય યોજનાની અરજીની મંજુરી અને સહાયના ચુકવણાની કાર્યવાહી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે.
- એમ.એસ.એમ.ઇ. એકમોને વ્યાજ સહાય તથા અન્ય યોજના માટે ઇન્વેસ્ટર ફેસેલીટેશન પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી શકે છે તથા સહાયનું ચુકવણું સીધુ તેમના ખાતામાં ઇ-પેમેન્ટથી કરવામાં આવે છે.

(મુખ્ય પેજ પર જાઓ)

## પૂરક નોંધ

પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી ત્રિકમ બિજલ છાંગા(અંજાર)

- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોએ ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસમાં કરોડરજ્જુ સમાન છે. એમએસએમઈ ઉદ્યોગો રાજયની રોજગારી માટેનો એક મોટો સ્ત્રોત છે અને એમએસએમઈ એકમો ઓછા મૂડીરોકાણથી વધુ રોજગારી પૂરી પાડે છે. એમએસએમઈ એકમો ઔદ્યોગિક ઈકો સિસ્ટમનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે.
- ગુજરાત રાજ્યનું ઉદ્યોગ સાહસિકો પ્રત્યે ઉદાર વલણ અને તેમના વિકાસ માટેની દૂરદ્રષ્ટિના પ્રતાપે જ આજે ગુજરાતમાં ૧૬ લાખ કરતા પણ વધુ ઉદ્યોગો, ઉદ્યમ નોંધણી ધરાવે છે. અને રાજ્યના સુરત અને અમદાવાદ દેશભરમાં, સૌથી વધુ ઉદ્યમ પ્રમાણપત્ર ધરાવતા ટોપ ૧૦ શહેરોમાં સમાવેશ થાય છે.
- ગુજરાત સરકારે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫, ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અને હવે તાજેતરમાં આત્મનિર્ભર ગુજરાત યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઈ. એકમોને આર્થિક લાભો મળી રહે તે સુનિશ્ચિત કરેલ છે.
- આ લાભો માં કેપિટલ સહાય, વ્યાજ સહાય, નેટ એસ જી એસ ટી(SGST) સહાય, ઇપીએફ (EPF) ચુકવણામાં સહાય, ગુણવત્તા પ્રમાણપાત્રો લેવામાં સહાય, ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ પ્રમાણપત્ર મેળવવામાં સહાય, ઇન્ફોરમેશન અને કૉમ્યૂનિકેશન ટેક્નોલોજીના સાધનો વસાવવામાં સહાય, નવી ટેક્નોલોજી વસાવવામાં સહાય, પેટન્ટની નોંધણી માટે સહાય, કોલેટરલ ફ્રી લોન લેવામાટે ચુકવેલ ફીમાં સહાય વગેરે જેવી આર્થિક સહાયો આપવામાં આવે છે.
- કેપિટલ સહાય યોજના અંતર્ગત સૂક્ષ્મ એમ.એસ.એમ.ઈ. એકમોએ લીધેલ ટર્મ લોનના ૨૫% સુધી (તાલુકા કેટેગરી પ્રમાણે) મહત્તમ ૩૫ લાખની મર્યાદામાં સહાયની જોગવાઈ છે.
- વ્યાજ સહાય યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઈ. એકમોને લીધેલ ટર્મ લોનના ૭% સુધી (તાલુકા કેટેગરી પ્રમાણે) અને મહત્તમ ૩૫ લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં સહાયની જોગવાઈ છે.
- નેટ એસ જી એસ ટી (SGST) સહાય અંતર્ગત ફિક્સ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટના ૭.૫% પ્રતિ વર્ષ લેખે ૧૦ વર્ષ માટે ૧૦૦% સુધી (તાલુકા કેટેગરી પ્રમાણે) ચુકવેલ નેટ SGST ની સહાયની જોગવાઈ છે.
- EPF સહાય અંતર્ગત એકમ દ્વારા નવી રોજગારી ઉભી કરવા પર એકમને તે કામદારના EPF પેટે મહત્તમ રૂ. ૧૮૦૦ પ્રતિમાસ સુધીની જોગવાઈ છે.
- એકમ દ્વારા ગુણવત્તા પ્રમાણપત્રો મેળવવામાં આવે તેવા કિસ્સામાં થયેલ ખર્ચના ૫૦% અને મહત્તમ રૂ. ૧૦ લાખ સુધીની સહાયની જોગવાઈ છે.
- ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ પ્રમાણપત્ર મેળવવામાં એકમને થયેલ ખર્ચના ૫૦% અને મહત્તમ રૂ. ૫૦ હજાર સુધીની સહાયની જોગવાઈ છે.
- ઇન્ફોરમેશન અને કૉમ્યૂનિકેશન ટેક્નોલોજીના સાધનો વસાવવામાં એકમને થયેલ ખર્ચના ૬૫% અને મહત્તમ રૂ. ૫ લાખ સુધીની સહાયની જોગવાઈ છે.

- નવી ટેક્નોલોજી વસાવવામાં એકમને થયેલ ખર્ચના ૬૫% અને મહત્તમ રૂ. ૫૦ લાખ સુધીની સહાયની જોગવાઈ છે.
- જો એકમ કોઈ પેટન્ટની નોંધણી કરાવે તેવા કિસ્સામાં થયેલ ખર્ચ ના ૭૫% સુધી રૂ. ૨૫ લાખની મર્યાદામાં સહાયની જોગવાઈ છે.
- એસ.એમ.ઇ. એક્ષચેન્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ થનાર ઉત્પાદન કરતાં એકમોને પ્રોત્સહિત કરવા એસ.એમ.ઇ. એક્ષચેન્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ માટે થનાર ખર્ચના ૨૫% સુધીના અને મહત્તમ ૫ લાખ સુધીની સહાય આપવામાં આવશે.
- કોલેટરલ ફ્રી લોન મેળવવા એમ.એસ.એમ.ઈ. એકમ દ્વારા ચુકવવામાં આવેલ ફીની રકમના ૧૦૦%ની સહાયની જોગવાઈ છે.
- આ ઉપરાંત એકમને પાવર કનેકશન લેવામાં થયેલ ખર્ચ, એનર્જી અને વોટર ઓડિટ પેટે થયેલ ખર્ચ, ભાડાના એકમો દ્વારા ભરેલ ભાડા ઉપર પણ સહાયની જોગવાઈ આ યોજના હેઠળ આપવામાં આવે છે.
- સરકારની ઉદ્યોગ લક્ષી નીતિઓ અને ઔદ્યોગિક ઈકોસિસ્ટમને સતત વિકસિત કરવાની ઈચ્છાશક્તિ થકી જ આજે ગુજરાત રાજ્ય ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ટોપ એચીવેરનું સ્થાન પ્રાપ્ત કરેલ છે.
- ગુજરાત રાજ્ય ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ(ZED) પ્રમાણપત્રમાં પ્રથમ સ્થાન ધરાવે છે.
- ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અને ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ એમ.એસ.એમ.ઈ. એકમોને વિવિધ યોજનાઓ થકી રૂ. ૧૦ હજાર કરોડ(દસ હજાર કરોડ) થી વધુની સહાય ચુકવવામાં આવેલ છે જેનો લાભ ગુજરાતના મહત્તમ એમ.એસ.એમ.ઈ. એકમોને મળેલ છે. આ યોજના થકી એમએસએમઇ એકમો દ્વારા જ રાજ્યમાં રૂ. ૬૦ હજાર કરોડ (સાઇઠ હજાર કરોડ) કરતા વધુનું ઔદ્યોગિક મૂડી રોકાણ થવા પામેલ છે.
- ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કચ્છ જિલ્લામાં તાલુકા પ્રમાણે મંજુર કરેલ કલેઈમ અરજીઓ નીચે મુજબ છે.

| તાલુકા | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ | એકમ કક્ષાએ /જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| અંજાર | ૨૩ | ૨૦ | ૩ | ૦ |
| ભચાઉ | ૧૪ | ૧૧ | ૩ | ૦ |
| ભુજ | ૨૧૫ | ૨૧૧ | ૨ | ૨ |
| ગાંધીધામ | ૧૨ | ૯ | ૩ | ૦ |
| માંડવી | ૬ | ૪ | ૨ | ૦ |
| મુંદ્રા | ૮ | ૬ | ૨ | ૦ |
| નખત્રાણા | ૫ | ૩ | ૨ | ૦ |
| રાપર | ૯ | ૯ | ૦ | ૦ |
| કુલ | ૨૯૨ | ૨૭૩ | ૧૭ | ૨ |

**અરજી નામંજૂર થવાના સામાન્ય કારણો નીચે મુજબ છે.**

- અરજદારે ઓનલાઈન અરજીમાં વિસંગતતા/ભુલ કરેલ હોય.
- એકમના ટર્મ લોન ડેટામાં વિસંગતતા,
- એકમ એમએસએમઈની વ્યાખ્યામાં આવતું ન હોઈ,
- એકમે એકથી વધુ વખત ઓનલાઈન અરજી કરેલ હોઈ,
- એકમે વિસ્તૃતિકરણ (એક્ષપાંશન)/ડાઈવર્સીફીકેશનની શરતો પરિપૂર્ણ કરેલ ન હોઈ.
- એકમે યોજનાના ચેકલિસ્ટ મુજબ ડોક્યુમેન્ટ જમા કરાવેલ નથી.

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક: ૧૮

ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૯૦૯

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન : ૧ | સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને માટેની વ્યાજ સહાય યોજના શું છે? |
| જવાબ | • એવા એમએસએમઈ એકમો જેમણે બેન્ક અથવા અન્ય નાણાકીય સંસ્થા પાસેથી એકમ સ્થાપિત કરવા માટે ટર્મલોન મેળવેલ હોય તેમને યોજનાના નિયમોનુસાર ટર્મલોન પર વ્યાજ સહાય મળવાપાત્ર થાય છે. ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ તાલુકા કેટેગરી પ્રમાણે નીચે મુજબની સહાય મળવાપાત્ર છે. |

**તાલુકાની કક્ષા પ્રમાણે મેન્યુફેક્ચરીંગ તથા સર્વિસ એકમો માટે સહાયનું ધોરણ**

| | |
|---|---|
| કેટેગરી-૧ તાલુકા | ૭% લેખે વધુમાં વધુ રૂ. ૩૫ લાખની વાર્ષિક મર્યાદામાં ૭ વર્ષ સુધી |
| કેટેગરી-૨ તાલુકા | ૬% લેખે વધુમાં વધુ રૂ. ૩૦ લાખની વાર્ષિક મર્યાદામાં ૬ વર્ષ સુધી |
| કેટેગરી-૩ તાલુકા અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર | ૫% લેખે વધુમાં વધુ રૂ. ૨૫ લાખની વાર્ષિક મર્યાદામાં ૫ વર્ષ સુધી |

<u>વધારાની માહિતી:</u>

<u>તાલુકા કેટેગરીનો આધાર</u>:

ઠરાવ ક્રમાંક: એમ.આઇ.એસ.-૧૦૨૦૨૦-૩૪૭૯૬૫-૧, તા. ૦૨/૧૧/૨૦૨૦ અન્વયે તાલુકા કેટેગરી વિવિધ પાસાઓ તેમજ પછાતપણાને ધ્યાને રાખીને નક્કી કરવામાં આવેલ છે.

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક:

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫//૪/ ૯૦૯

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર)

**પેટા પ્રશ્ન: ૨**

હાલમાં કચ્છ જિલ્લામાં કુલ કેટલા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો નોધાયેલ છે? વ્યાજ સહાય માટે અરજી કરવાની અને તેની મંજૂરીની પ્રક્રિયા શું છે? વ્યાજ સહાય યોજના માટેની જરૂરી શરતો કઈ?

**જવાબ**

કચ્છમાં નોધાયેલા એકમોની વિગત (૦૬/૦૨/૨૦૨૪ની સ્થિતીએ)

| ક્રમ | કુલ ઉદ્યમ નોંધણી | સૂક્ષ્મ | લઘુ | મધ્યમ |
|---|---|---|---|---|
| ૧ | ૬૪,૨૫૧ (ચોસઠ હજાર બસો એકાવન) | ૬૦,૭૨૪ (સાઈઠ હજાર સાતસો ચોવીસ) | ૩,૧૮૧ (ત્રણ હજાર એકસો એક્યાશી) | ૩૪૬ (ત્રણસો છેત્તાળીસ) |

અરજી કરવાની પ્રક્રિયા

- એકમે આઈએફપી પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

અરજી મંજુર/કલેઈમ કરવાની પ્રક્રિયા

- આઈએફપી પોર્ટલ પર મળેલ અરજી જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચકાસવામાં આવશે.
- ઓનલાઈન કામચલાઉ મંજૂરીપત્ર પાઠવવામાં આવશે અથવા જરૂર જણાયે ઓનલાઈન પૂર્તતા મેળવવામાં આવશે.
- ઓનલાઈન કામચલાઉ મંજૂરીપત્ર મળ્યેથી દર ૬ માસે એકમ દ્વારા વ્યાજ સહાય માટે ઓનલાઈન ક્લેઈમ અરજી કરવામાં આવશે
- જી.ઉ.કે દ્વારા ક્લેઈમ અરજીની ઓનલાઈન ચકાસણી કરવામાં આવશે.
- ઠરાવની જોગવાઈઓના પાલન અને અન્ય લગત બાબતે સ્થળ તપાસણી કરી ઉદ્યોગ નિરીક્ષક દ્વારા ઓનલાઈન ભલામણ સહિતનો રીપોર્ટ રજૂ થશે.
- જનરલ મેનેજરશ્રી દ્વારા ઓનલાઈન ક્લેઈમ મંજૂર કરવામાં આવશે.
- ગ્રાન્ટની ઉપલબ્ધતા મુજબ ઇ-પેમેન્ટ દ્વારા સહાય ચુકવવામાં આવશે.

| | |
|---|---|
| | <u>વ્યાજ સહાય માટેની શરતો:</u><br>• એકમે સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.<br>• મોડી અરજીઓ સ્વીકારવામાં આવશે પરંતુ લેટ સબમિશન સમયગાળો મળવાપાત્ર સમય અને સહાયમાંથી બાદ કરવાનો રહેશે.<br>• એકમે આરબીઆઈ માન્ય બેન્ક અથવા ફાઈનાન્શીયલ ઈન્સ્ટીટ્યુશન પાસેથી ટર્મલોન લેવાની રહેશે.<br>• એકમે પ્રથમ ધિરાણ ઔદ્યોગિક નીતિના અમલિકરણ સમયગાળામાં લેવાનું રહેશે.<br>• એકમ ઓછામાં ઓછું ૫ વર્ષ સુધી સતત ઉત્પાદનમાં રહેવું જોઈએ.<br>એકમે રોજગારીની શરતો પરિપૂર્ણ કરવાની રહેશે. |

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક: ૧૮

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૯૦૯

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ)

**પેટા પ્રશ્ન : 3**

ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં કચ્છ જિલ્લામાં વ્યાજ સહાયની તાલુકા પ્રમાણે કુલ કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી?

**જવાબ**

- ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કચ્છ જિલ્લામાં તાલુકા પ્રમાણે મંજુર કરેલ કલેઈમ અરજીઓ નીચે મુજબ છે.

| તાલુકા | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ | એકમ કક્ષાએ /જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| અંજાર | ૨૩ | ૨૦ | ૩ | ૦ |
| ભચાઉ | ૧૪ | ૧૧ | ૩ | ૦ |
| ભુજ | ૨૧૫ | ૨૧૧ | ૨ | ૨ |
| ગાંધીધામ | ૧૨ | ૯ | ૩ | ૦ |
| માંડવી | ૬ | ૪ | ૨ | ૦ |
| મુંદ્રા | ૮ | ૬ | ૨ | ૦ |
| નખત્રાણા | ૫ | ૩ | ૨ | ૦ |
| રાપર | ૯ | ૯ | ૦ | ૦ |
| કુલ | ૨૯૨ | ૨૭૩ | ૧૭ | ૨ |

વધારાની માહિતી:

| તાલુકા કેટેગરી | તાલુકાનુ નામ | કુલ મંજૂર થયેલ અરજીઓ |
|---|---|---|
| કેટેગરી-૧ | રાપર, નખત્રાણા, લખપત, માંડવી | ૧૬ |
| કેટેગરી-૨ | અબડાસા, ભચાઉ, ભૂજ | ૨૨૨ |
| કેટેગરી-૩ | મુંદ્રા, અંજાર, ગાંધીધામ | ૩૫ |
| કુલ | | ૨૭૩ |

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક: ૧૮

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૯૦૯

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન : ૪ | ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં કચ્છ જિલ્લામાં તાલુકા પ્રમાણે કેટલી વ્યાજ સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? |

જવાબ

- ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં કચ્છ જિલ્લામાં તાલુકા પ્રમાણે નીચે મુજબની અરજીઓનું ચૂકવણું કરવામાં આવ્યું.

| તાલુકા | કલેઈમ અરજીઓ | ચુકવણું (રૂ. લાખમાં) |
|---|---|---|
| અંજાર | ૨૦ | ૧૪૧.૨૦ |
| ભચાઉ | ૧૦ | ૬૪.૭૩ |
| ભુજ | ૨૧૦ | ૧૦૪૭.૦૪ |
| ગાંધીધામ | ૧૦ | ૧૦૮.૧૬ |
| માંડવી | ૫ | ૯.૧૪ |
| મુંદ્રા | ૬ | ૫૪.૪૬ |
| નખત્રાણા | ૩ | ૩.૯૧ |
| રાપર | ૯ | ૨૭.૩૧ |
| કુલ | ૨૭૩ | ૧૪૫૫.૯૫ લાખ (ચૌદ કરોડ પંચાવન લાખ) |

વધારાની માહિતી:

| તાલુકા કેટેગરી | તાલુકાનુ નામ | ચુકવણું (રૂ. લાખમાં) |
|---|---|---|
| કેટેગરી-૧ | રાપર, નખત્રાણા, લખપત, માંડવી | ૪૦.૩૬ |
| કેટેગરી-૨ | અબડાસા, ભચાઉ, ભુજ | ૧૧૧૧.૭૭ |
| કેટેગરી-૩ | મુંદ્રા, અંજાર, ગાંધીધામ | ૩૦૩.૮૨ |
| કુલ | | ૧૪૫૫.૯૫ લાખ (ચૌદ કરોડ પંચાવન લાખ) |

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક: ૧૮

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૯૦૯

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી)

**પેટા પ્રશ્ન : ૫**

**ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન કચ્છ જિલ્લામાં તાલુકા દીઠ કેટલુ નવું મૂડી રોકાણ થયુ?**

**જવાબ**

- ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન કચ્છ જિલ્લામાં તાલુકા દીઠ થયેલ નવું મૂડી રોકાણ નીચે મુજબ છે.

| તાલુકા | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | |
|---|---|---|
| | એકમો | રોકાણ (રૂ.લાખમાં) |
| અંજાર | ૧૨ | ૩૭૯૨.૩૩ |
| ભચાઉ | ૭ | ૪૯૧૨.૩૧ |
| ભુજ | ૫૨ | ૧૧૮૫૭.૫૬ |
| ગાંધીધામ | ૩ | ૬૨૭.૯૭ |
| માંડવી | ૩ | ૩૮૫.૧૭ |
| મુંદ્રા | ૨ | ૭૮૬.૬૭ |
| નખત્રાણા | ૧ | ૩૨૧.૫૦ |
| રાપર | ૪ | ૫૫૯.૬૪ |
| કુલ | ૮૪ | ૨૩૨૪૩.૧૫ લાખ<br>(બસો બત્રીસ કરોડ તેતાળીસ લાખ) |

<u>વધારાની માહિતી:</u>

<u>મૂડીરોકાણનો આધાર:</u>

એકમને વ્યાજ સહાય પ્રોજેક્ટ માટેની બેંક ટર્મલોન પર આપવામાં આવે છે. વ્યાજ સહાયની અરજી વખતે એકમ પ્રોજ્કટ કોસ્ટની વિગત, મૂડીરોકાણ અને ટર્મલોનની વિગત રજૂ કરે છે તેના આધારે મૂડીરોકાણની વિગતો મેળવવામાં આવેલ છે.

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક: ૧૮

ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૯૦૯

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન : ૬ | આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨ હેઠળ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટે કઈ કઈ યોજનાઓ જાહેર કરવામાં આવી છે? |
| જવાબ | આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨ હેઠળ એમએસએમઈ એકમોને ઔદ્યોગિક નિતી-૨૦૨૦ કરતા વધારાની સહાય રૂપે નેટ એસજીએસટી રીઈમ્બર્સમેન્ટ યોજના અને ઈપીએફ સહાય યોજનામાં અમલમાં મૂકવામાં આવી છે.<br><br>એમએસએમઈ સેક્ટર માટે આત્મનિર્ભર ગુજરાત યોજના હેઠળ નીચે મુજબની યોજનાઓ જાહેર કરવામાં આવી છે. |

| | | | |
|---|---|---|---|
| ૧ | માઈક્રો ઉદ્યોગો માટે કેપીટલ સહાય યોજના (માત્ર મેન્યુફેક્ચરીંગ એકમો માટે) | કેટેગરી૧- | ટર્મ લોન રકમના ૨૫% અને મહત્તમ રૂા.૩૫ લાખ. |
| | | કેટેગરી૨- | ટર્મ લોન રકમના ૨૦% અને મહત્તમ રૂા.30 લાખ. |
| | | કેટેગરી૩- | ટર્મ લોન રકમના ૧૦% અને મહત્તમ રૂા.૧૦ લાખ. |
| ૨ | વ્યાજ સહાય યોજના મેન્યુફેકચરીંગ અને સર્વિસ સેક્ટર માટે | કેટેગરી-૧ | ટર્મલોન ઉપર ૭% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ રૂ.૩૫/- લાખ/પ્રતિવર્ષની મર્યાદામાં ૭ વર્ષ માટે |
| | | કેટેગરી-૨ | ટર્મલોન ઉપર ૬% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ રૂ.30/- લાખ/પ્રતિવર્ષની મર્યાદામાં ૬ વર્ષ માટે |
| | | કેટેગરી-૩ | ટર્મલોન ઉપર ૫ %પ્રમાણે વ્યાજસહાય મહત્તમ રૂ.૨૫/- લાખ/પ્રતિ વર્ષની મર્યાદામાં ૫ વર્ષ માટે |

| | | |
|---|---|---|
| ૩ | નેટ એસજીએસટી રીઈમ્બર્સમેન્ટ યોજના | કેટેગરી -૧ તાલુકા: માન્ય મુડી રોકાણના વાર્ષિક ૭.૫% સુધી ૧૦ વર્ષ માટે ૧૦૦% નેટ એસજીએસટી<br>કેટેગરી -૨ તાલુકા: માન્ય મુડી રોકાણના વાર્ષિક ૬.૫% સુધી ૧૦ વર્ષ માટે ૯૦% નેટ એસજીએસટી<br>કેટેગરી -૩ તાલુકા: માન્ય મુડી રોકાણના વાર્ષિક ૫% સુધી ૧૦ વર્ષ માટે ૮૦ %નેટ એસજીએસટી |
| ૪ | ઈપીએફ રિઈમ્બર્સમેન્ટ ટુ એમએસએમઈ | • ઈપીએફની રકમ હેઠળ સ્ટેચ્યુટરી કોન્ટ્રીબ્યુશનના ૧૦૦% ચુકવવામાં આવશે.<br>• કર્મચારી દીઠ પ્રોત્સાહક રકમની ટોચમર્યાદા કર્મચારીઓના મૂળભૂત પગારના ૧૨% વત્તા લાગુ મોંઘવારી ભથ્થું અને પુનઃપ્રાપ્તિ ભથ્થું અથવા દર મહિને રૂા.૧૮૦૦/- માંથી જે ઓછું હોય તે ચુકવવામાં આવશે.આ સહાય ૧૦ વર્ષ સુધી આપવામાં આવશે. |
| ૫ | ગુણવત્તા સહાય યોજના | પ્રમાણપત્ર મેળવવાની ફી ના ખર્ચના ૫૦% અને ટેસ્ટીંગ સાધનો તથા મશીનરી વસાવવાના ખર્ચના ૫૦% બંને મળી મહત્તમ રૂા. ૧૦.૦૦ લાખ. |
| ૬ | એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ અંતર્ગત સહાય માટેની યોજના | • ઈઆરપી સીસ્ટમે વસાવવાના મૂડીરોકાણનાં મહતમ ૬૫% રૂા. ૧.૦૦ લાખની મર્યાદામાં. |
| ૭ | ઝેડ સર્ટીફિકેશન આર્થિક સહાય માટેની યોજના | ઝેડ સર્ટીફીકેશન મેળવવા માટે ભારત સરકારની સહાય બાદ કર્યા પછીના ખર્ચના ૫૦% લેખે મહત્તમ રૂા. ૫૦/- હજારની સહાય. |
| ૮ | ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી માટેની સહાય યોજના | આઈસીટી સવલત સંબંધીત મૂડીખર્ચ ૬૫%ના ધોરણે વધુમાં વધુ રૂા.૫.૦૦ લાખની મર્યાદામાં. |
| ૯ | ટેકનોલોજી એક્વીઝીશન સહાય યોજના | પ્રથમ બે વર્ષની રોયલ્ટી સહિતની ચૂકવેલ રકમનાં ૬૫% સહાય મહત્તમ રૂ.૫૦/- લાખની મર્યાદામાં |
| ૧૦ | પેટન્ટ રજીસ્ટ્રેશન સહાય યોજના | પેટન્ટ માટે થયેલ ખર્ચના ૭૫% લેખે મહત્તમ રૂ.૨૫/- લાખની મર્યાદામાં સહાય. |

| | | |
|---|---|---|
| ૧૧ | વિજળી અને પાણીના વપરાશની બચત અંગેની સહાય યોજના | • માન્ય સંસ્થા અથવા કન્સલ્ટન્ટ દ્વારા થયેલ એનર્જી અને વોટર ઓડીટની ૭૫% કિંમત રૂ.૫૦/- હજારની મર્યદામાં<br>• સાધનની કિંમતમાં ૨૫%, વધુમાં વધુ રૂ.૨૦ લાખની મર્યાદામાં |
| ૧૨ | એસએમઈ એક્સચેન્જ દ્વારા મૂડી ઉભી કરવા માટેની સહાય યોજના | આઈપીઓ માટે ખર્ચના ૨૫% લેખે મહત્તમ રૂ.૫/- લાખની મર્યાદામાં સહાય. |
| ૧૩ | સીજીટીએમએસઇ ફીની ભરપાઈ માટેની યોજના | બેંક/નાણાંકીય સંસ્થા દ્વારા કોલેટરલ ફ્રી ટર્મ લોન માટે વસુલ કરવામાં આવેલ ફીની રકમનાં ૧00% સહાય.(પાંચ વર્ષ માટે) |
| ૧૪ | પાવર કનેક્શન ચાર્જમાં રાહત માટેની યોજના | LT(એલટી)/HT(એચટી) પાવર કનેક્શન મેળવવા માટે થયેલ ખર્ચના ૩૫% લેખે મહત્તમ રૂ.૫.00/-લાખની મર્યાદામાં સહાય. |
| ૧૫ | સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને ભાડામાં સહાય માટેની યોજના | ઉદ્યોગકાર દ્વારા ચુકવેલ ભાડાનાં ૬૫% લેખે મહત્તમ રૂ.૧/- લાખની પ્રતિ વર્ષની મર્યાદામાં સહાય. સહાય પાંચ વર્ષ માટે ચુકવવામાં આવશે. |

(મુખ્ય પેજ પર જાઓ)

| અગ્રતા ક્રમાંક: ૧૮<br><br>ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૯૦૯ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : | |
| પેટા પ્રશ્ન : ૭ | વ્યાજ સહાય માટે એકમે કઈ બેન્ક પાસેથી ટર્મલોન મેળવવાની રહે? |
| જવાબ | • આરબીઆઈ માન્ય બેન્ક અથવા આરબીઆઇ માન્ય નાણાકીય સંસ્થા પાસેથી મેળવેલ ટર્મલોન સહાયપાત્ર બનશે પરંતુ એનબીએફસી (નોન બેન્કીંગ ફાયનાન્સિલ કંપની) પાસેથી મેળવેલ ટર્મલોન સહાયપાત્ર થશે નહી. |

(મુખ્ય પેજ પર જાઓ)

| | |
|---|---|
| અગ્રતા ક્રમાંક: ૧૮<br><br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૯૦૯ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : | |
| પેટા પ્રશ્ન : ૮ | એકમ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પાસેથી સહાયપાત્ર થશે કે કેમ? |
| જવાબ | • એકમ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર બન્નેની યોજનાઓનો લાભ મેળવી શકશે. પરંતુ કુલ વ્યાજ સહાય( રાજ્ય + કેન્દ્ર) એ એકમ દ્વારા બેન્ક અથવા નાણાકીય સંસ્થાને ચૂકવેલ ખરેખર વ્યાજથી વધવું જોઇએ નહી. એકમ દ્વારા ઓછામાં ઓછું ૨ % વ્યાજ ભોગવવાનું રહે છે. |

(મુખ્ય પેજ પર જાઓ)